## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ આ મૃતકને શ્રદ્ધાંજલી આપવાનો જ કાર્યક્રમ છે... આ તો મૃતકને પાના રમવાનો શોખ હતો એટલે...!**

# ટ્યુશનથી ઘરે જઈ રહેલા કિશોરને ગામના વ્યક્તિએ પાઈપ ફટકારી

ગાંધીનગર, તા. ૨૩

કોલવડા ગામે પરિવારો વચ્ચે ચાલી રહેલા મનદુઃખની અદાવત રાખી ટ્યુશનથી ઘર તરફ જઈ રહેલા કિશોરને ગંદી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી બરડામાં અને બંને પગમાં લોખંડની પાઈપ વડે મુઢ માર મારતા પેથાપુર પોલીસમથકે ફરિયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોલવડા ગામે ઈશાબાપાનો માઢ ખાતે રહેતા ૪૨ વર્ષિય મહેન્દ્રસિંહ નારણસિંહ વાઘેલા ખેતીકામ કરે છે અને પોતાના પરિવાર સાથે રહે છે. તેમને સંતાનમાં બે દિકરા છે. જેમાં મોટો દિકરો જયપાલસિંહ (ઉં.વ.૧૭) અને નાનો દિકરો અજયસિંહ (ઉં.વ.૧૪) જે ધો. ૯ માં અભ્યાસ કરે છે. સવારના સાડાનવ વાગ્યાના અરસામાં મહેન્દ્રસિંહ ઘરે હાજર હતા અને માતાજીની પુજા-અર્ચના કરતા હતા તે સમયે મહોલ્લામાં રહેતા કાકીએ ઘરે આવીને જણાવ્યું હતું કે તમારા દિકરા અજયસિંહને ગામમાં રહેતા દેવેન્દ્રસિંહ બાબુજી વાઘેલા લોખંડની પાઈપથી મહાકાળી મંદિરની સામે માર મારે છે. જેથી મહેન્દ્રસિંહ તાત્કાલિક મહાકાળી મંદિર પહોંચ્યા હતા ત્યાં જઈને જોયું તો દિકરા અજયસિંહને પીઠના પાછળના ભાગે, જમણા તેમજ ડાબા પગે મુઢ મારની ઈજા પહોંચી હતી. જેથી મહેન્દ્રસિંહે દિકરા અજયસિંહને ઝઘડા અંગે પુછ્યું હતું. જેથી અજયસિંહે કહ્યું હતું કે હું ટ્યુશનથી ઘર તરફ આવી રહ્યો હતો તે સમયે આપણે અને દેવેન્દ્રસિંહને મનદુઃખ હોવાથી તેની અદાવત રાખી મને ગંદી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. હું કંઈ કહુ તે પહેલા તેઓએ તેમના હાથમાં રહેલી લોખંડની પાઈપ અને બરડાના ભાગે અને બંને પગે મારી છે. અજયને મુઢ મારને પગલે દુઃખાવો થતા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે લઈ આવ્યા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસમથકે ફરિયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.




ઘ-૦ થી રીલાયન્સ ચોકડી તરફ જતા માર્ગે સાંજના સમયે ઘણી લારીઓ ઉભી રહે છે. જે કયારેક ટ્રાફિકને અડચણરૂપ બને છે. આ લારીઓને અહીંથી દૂર કરવા તેમણે ટ્રાફિક વિશેની સમજણ આપવા ટ્રાફિક પોલીસ કાર્ય કરી રહી છે. ટ્રાફિકને અડચણરૂપ ન બનાય તે રીતે ધંધો-વ્યવસાય કરવા પોલીસે લારી-ગલ્લાવાળાઓને સમજાવ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી ધાંધલ્યા રજા પર જતા એ.ટી.ડી.ઓ.ને તેમની જગ્યાનો ચાર્જ અપાયો છે.
- ગાંધીનગર જિલ્લામાં દહેગામ અને માણસા ખાતે નવનિયુક્ત ટી.ડી.ઓ. હાજર થયા છે.
- ગાંધીનગરના પ્રવેશદ્વાર ગણાતા સે. ૨૭ જીઆઈડીસીથી વાવોલ સુધીના માર્ગ પર બમ્પ પર ઝીબ્રા ક્રોસીંગ ના દોરાયા હોવાથી વાહનચાલકોની મુશ્કેલી વધી છે એટલુ જ નહિ અકસ્માતો પણ વધ્યા છે.
- વાયબ્રન્ટ સમીટની તૈયારીઓને પગલે ફોરલેન માર્ગ બનાવવામાં વચ્ચે આવતા ઘટાદાર વૃક્ષોને હટાવવામાં આવતાં પ્રકૃતિપ્રેમીઓમાં રોષ ઉભો થયો છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયેલ નથી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે ૧૩,૪૦૦થી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- પંચાયતોની ચૂંટણીને પગલે જાહેર થયેલ આદર્શ આચારસંહિતાના અમલને કારણે ગુજરાત જાહેર સેવા આયોગ તેની પરીક્ષાના કાર્યક્રમોમાં ફેરફાર જાહેર કર્યો છે.
- શહેરમાં મોર્નિંગ વોકર્સની સંખ્યામાં શિયાળો શરૂ થતાં વધારો થયો છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પંચાયતોની સામાન્ય ચૂંટણીઓને લઈ ધીરે ધીરે રાજકીય ગરમાવો વધી રહ્યો છે.
- દહેગામના શિયાવાડામાં હિજરત કરી ગયેલા પરિવારોના પુનઃ સ્થાપનમાં તંત્રને સફળતા મળી છે અને બે જૂથો વચ્ચે સમાધાન કરાવ્યુ છે.

## શારીરિક શિક્ષણ વિભાગની રાસેયો એકમ કોરોના રસીકરણમાં સ્વાસ્થ્ય કેન્દ્રને મદદ કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૩

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમન દ્વારા કોરોના મહામારીથી બચવા માટે બનેલી વેક્સીનને લગાડવામાં આરોગ્ય કેન્દ્રની મદદ કરી રહ્યા છે જેમાં વિશેષ એલીસ ક્રિશ્ચિયન અને અન્ય સ્વય સેવકો વિવિધ કેન્દ્રોમાં ચાલી રહ્યા વેક્સીન કાર્યક્રમમાં મદદ કરી રહ્યા છે જેમાં વિશેષ આલમપુર અને ગાંધીનગરના સ્વાસ્થ્ય કેન્દ્રમાં ચાલતા રસીકરણ કાર્યક્રમમાં પણ સ્વયમ સેવકો મેડીકલ સ્ટાફને સહાયતા કરી રહ્યા છે આ રીતે કોરોના વેક્સીનની કામગીરી કરવા પાછળ સંસ્થાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયાની પ્રેરણા અને માર્ગદર્શન રહે છે કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટે કર્યું હતું.

# હવે, પીજીના વિદ્યાર્થીઓ અનુકૂળતા મુજબ પરીક્ષા આપી શકશે

### ગુજરાત યુનિવર્સિટીના બે મહત્વના નિર્ણયો : પીજીના વિદ્યાર્થીઓ માટે 'ઓન ડિમાન્ડ એક્ઝામ'નો વિકલ્પ : પૂર્વ વિદ્યાર્થીઓ પરીક્ષા ફરીથી આપીને પરિણામ સુધારી શકશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાંથી અસંખ્ય વિદ્યાર્થીઓ ગુજરાત યુનિવર્સિટીમાં અથવા તેને સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરી રહ્યાં છે. આ વિદ્યાર્થીઓ માટે મહત્વના સમાચાર છે જેમાં યુનિવર્સિટી દ્વારા બે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. આ નિર્ણય અનુસાર હવે ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ 'ઓન ડિમાન્ડ એક્ઝામ'નો વિકલ્પ અપનાવી શકશે તેમજ અન્ય નિર્ણયાનુસાર યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થીઓને જો પોતાનું પરિણામ સંતોષકારક ન લાગતું હોય તો તે પોતાની માર્કશીટ યુનિવર્સિટીમાં જમા કરાવી ફરીવાર પરીક્ષા આપી શકશે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા નવી શિક્ષણ નિતી અંતર્ગત વિવિધ નિર્ણયો લેવામાં આવી રહ્યાં છે જે અંતર્ગત હવે પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સમાં ઓન ડિમાન્ડ પરિક્ષાના વિકલ્પનો નિર્ણય લેવાયો છે. ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમવાર આ પ્રકારનો નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં ગુજરાત યુનિવર્સિટીના પોસ્ટ ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓને ઓન ડિમાન્ડ પરીક્ષાનો વિકલ્પ આપવાનો નિર્ણય કરવામા આવ્યો છે જેમાં વિદ્યાર્થી કોર્સ પુરો કર્યા બાદ પોતાના અનુકૂળ સમયે અને અનુકૂળ સ્થાનેથી ઓનલાઈન પરિક્ષા આપી શકશે. આ પરિક્ષામાં વિદ્યાર્થીને બે તક અપાશે અને જે પ્રયાસમાં વધુ માર્કસ આવશે તેવા ગુણને આખરી ગણવામા આવશે. જો ઓન ડિમાન્ડ પરિક્ષા સફળ રહેશે તો તે આગામી સમયમાં સ્નાતકના વિદ્યાર્થીઓ માટે પણ લાગુ કરવામાં આવશે.

અત્યાર સુધી વિદ્યાર્થી એકવાર પરીક્ષા આપે એટલે જે પરિણામ આવે તે તેણે સ્વીકારી લેવું પડતું હતું પરંતુ હવે ગુજરાત યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા અન્ય એક મહત્ત્વના નિર્ણય અનુસાર વિદ્યાર્થીઓને તેનું પરિણામ પણ સુધારવાની તક પ્રાપ્ત થશે. ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીએ અગાઉ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો હોય અને તેના પરિણામથી જો તેને સંતોષ ન હોય તો તેવા વિદ્યાર્થીઓ તેમની માર્કશીટ અને ડિગ્રી સર્ટીફિકેટ યુનિવર્સિટીમાં સબમીટ કરાવીને જે તે વિષયની અથવા સેમેસ્ટરની પરીક્ષા ફરીથી આપીને પોતાનું પરિણામ સુધારી શકશે. જે વિદ્યાર્થીઓનું પરિણામ જે તે સમયે સંજોગોને અનુરૂપ સંતોષકારક ન આવી શક્યુ હોય તો તેવા વિદ્યાર્થીઓ માટે ઉત્તમ તક બની રહેશે. હાલ તો યુનિવર્સિટીના આ નિર્ણયથી વિદ્યાર્થીઓને ફાયદો થશે.



## આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દેશભક્તિ સાંસ્કૃતિક ડાયરો

'આઝાદીનો અમૃત મહોત્સવ'ની ઉજવણી અંતર્ગત ગાંધીનગરના જાણીતા ટીવી-ફિલ્મ કલાકાર એન.સી. ચૌહાણ દ્વારા તા. ૨૧મી નવેમ્બરના રોજ મહેમદાવાદ તાલુકાના સરસવણી ગામે શૌર્યગીતો-લોકગીતો સાથેના દેશભક્તિ સાંસ્કૃતિક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બિલીયાના મુવાડીના અગ્રણી તેમજ સરસવણી ગ્રામ પંચાયતના સદસ્ય કાળીદાસ સોઢા પરમારના હસ્તે દિપ પ્રાગટ્ય યોજાયું હતું તેમજ અતિથિ વિશેષ પદે રમેશભાઈ, ઈશ્વરભાઈ પરમાર વગેરે જેવા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડાયરામાં કલાકાર એન.સી. ચૌહાણે આઝાદીની ચળવળની વિભૂતિઓ મહાત્મા ગાંધી, સરદાર પટેલ વગેરે અંગે ઉપયોગી માહિતી આપી હતી. તેમની સાથે કાર્યક્રમમાં અન્ય કલાકારો દિનેશ ઝાલા, દક્ષાબેન, જનકસિંહ ડાભી, મુકેશભાઈ, ભાવેશભાઈ વગેરેએ પરફોર્મન્સ આપ્યુ હતુ.

# સ્ટેટ મોનીટરીંગ સેલની સાંતેજ જુગારધામ પર રેડ : ૧૧ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સાંતેજ જીઆઈડીસીની કોઠારી ચોકડી વાળી માર્કેટ પાસે બેરોકટોક ચાલી રહેલા જુગારધામ પર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડી જુગાર રમી રહેલા ૧૧ શકુનીઓને પકડી પાડ્યા હતા. પોલીસને રેઈડને પગલે જુગારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ, મોબાઈલ ફોન, વાહનો મળી કુલ રૂ. ૧.૪૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસમથક ખરાબ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યુ હોય તેમ લાગે છે. સાંતેજ વિસ્તારમાં એક પછી એક ગુનાઓ પ્રકાશમાં આવે છે. ત્યારે સ્ટેટ મોનીટરીંગ સેલના હાથે સાંતેજ જીઆઈડીસી વિસ્તારમાં ચાલતુ જુગારધામ ઝડપાયુ છે. રાજ્ય સ્ટેટ મોનીટરીંગ સેલના નાયબ પોલીસ અધિક્ષક જ્યોતિ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શોધવાની દિશામાં કાર્યરત હતા ત્યારે બાતમી મળી હતી કે સાંતેજ પોલીસમથકની હદમાં જીઆઈડીસી કોઠારી ચોકડીવાળા માર્કેટ પાસે જુગારધામ ધમધમી રહ્યું છે. જેને અનુલક્ષી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ બાતમીવાળી જગ્યા પર ત્રાટકી હતી. પોલીસને જોઈ જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે ૧૧ જુગારીઓને દબોચી લીધા હતા. જ્યારે એક જુગારી ભાગી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે પકડેલા જુગારીઓમાં કાળાજી આતાજી ઠાકોર, દિનેશ ગોકાજી ઠાકોર, ગણપત મગનભાઈ પરમાર, રાજેશ દશરથ સોની, અતુલ રાજદીપ ઠાકોર, અભિષેક ભાવસિંગ અકેરવા, કાંતિભાઈ પ્રતાપજી ઠાકોર, મહેન્દ્ર કાંતિભાઈ ઠાકોર, ધર્મેશભાઈ ગોરધનભાઈ સિશાંગીયા, પ્રહલાદસિંગ રતનસિંગ દરબાર, જગબંધુ લોકનાથ બહેરાનો સમાવેશ થાય છે. જ્યારે રાણાજી જવાનજી ઠાકોર ભાગી ગયો હતો. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૪૬,૭૩૦ રોકડ, ૭ મોબાઈલ ફોન, બે વાહનો અને જુગાર સાહિત્ય મળીને કુલ રૂ. ૧,૪૬,૮૮૦ નો મુદ્દામાલ જપ્ત કરી સાંતેજ પોલીસમથકે ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.




શહેરની દીકરી મીલી ટાટારિઆએ ઋષિકેશની જાણીતી યોગ શાળામાં ૨૦૦ કલાકનો હઠ યોગ અને અષ્ટાંગ યોગ સાથે મલ્ટી સ્ટાઈલ યોગ ટીચરનો કોર્સ પૂર્ણ કર્યો છે.

# ચિલોડા સેવા કેન્દ્ર ખાતે વિશ્વ શ્રધ્ધાંજલિ દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

ચિલોડા સેવા કેન્દ્ર ખાતે વિશ્વ શ્રધ્ધાંજલિ દિનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય જગદંબા ભવન ખાતે વરિષ્ઠ નાગરિકોનો સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં કોરોના મહામારીમાં એપ્રિલ, મે માસમાં કોરોનાથી મૃત્યુ પામેલાં ગામના પાંચ સદગત મૃતક આત્માઓને પરમ શાંતિ અને સદગતિ મળે તેમજ તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની પ્રભુ શકિત અર્પે તેવી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

# દહેગામ-નરોડા હાઈવે પર વડોદરા પાટીયા પાસે ગાડીમાંથી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૩

દહેગામ-નરોડા હાઈવે પર વડોદરા ગામના પાટીયા પાસે ટાટા ઈન્ડિકા ગાડીમાંથી રૂ. ૧ લાખની વધુ કિંમતનો વિદેશી દારૂ, ગાડી, મોબાઈલ મળી કુલ રૂ. ૨,૦૯,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ડભોડા પોલીસે ૨ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ડભોડા પીએસઆઈ એ.એમ. વદેરા ટીમના સભ્યો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પીએસઆઈ એ.એમ. વદેરા તેમજ હે.કો. વિપુલકુમારને બાતમી મળી હતી કે ઉંટડીયા મહાદેવ તરફથી એક સફેદ રંગની ટાટા ઈન્ડિકા ગાડી નં. જીજે-૦૮-આર-૦૪૬૦માં દારૂ ભરેલો છે. આ દારૂ ભરેલી ગાડી પાલુન્દ્રા, વટવા, વાસણા રાઠોડના અંદરના માર્ગે થઈ વડોદરા પાટીયા થઈ અમદાવાદ તરફ જવાની છે. જેને પગલે વડોદરા પાટીયા ખાતે ટીમ વોચમાં ગોઠવાઈ ગઈ હતી. ઉપરોક્ત વર્ણનવાળી ગાડી આવતા પોલીસે કોર્ડન કરી ઝડપી પાડી હતી. પોલીસે બે શખ્સોને પકડી કારની ડેકી ખોલાવતા ૨૨ પેટીઓ મળી આવી હતી. પોલીસે રૂ. ૧,૦૫,૬૦૦ની કિંમતની ૧૦૫૬ બોટલ જપ્ત કરી છે. ૨ મોબાઈલ ફોન કિ. રૂ. ૪ હજાર, ગાડી કિં. રૂ. ૧ લાખ મળી કુલ રૂ. ૨,૦૯,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી બે આરોપીઓ મિતેશકુમાર શંભુલાલ મીણા (ઉં.વ. ૨૮, રહે. રોલીયા, તા. ખેરવાડા, જી. ઉદેપુર) અને સુનિલ રમેશભાઈ ડામોર (ઉં.વ. ૨૫, રહે. બરોટી (ઝીઝુવા) ગામ,તા. બિરછુવાડા, જી. ઉદેપુર)ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સુક્ષ્મિના સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા નશામુકિત અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

સુક્ષ્મિના સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા નશામુકત ગુજરાત અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જે ગાંધીનગર જિલ્લાનાં સોરાબપુરા ગામમાં કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગામના સરપંચ ક્રીતીભાઈ ઠાકોર તથા શિક્ષક અને આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. આ ટ્રસ્ટના પ્રમુખ રીતેશભાઈ ભટ્ટ દ્વારા ગામના નાગરિકો તથા વિદ્યાર્થીઓને નશો ન કરવા બાબતે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧




## બહુહેતુક વ્યાયામ શાળાના મહત્વ વિશે સંકુલ સાદરા ખાતે વાર્તાલાપ યોજાયો

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરા રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત બહુહેતુક વ્યાયામ શાળાના મહત્વ વિષય પર વાર્તાલાપ યોજાયો. ડૉ. નિરજ સિલાવટે બહુહેતુક વ્યાયામ શાળાના મહત્વ, ફીટ ઈન્ડિયા, પરંપરાગત રમતો, શારીરિક યોગ્યતાના વિવિધ ઘટકો વગેરે મુદ્દાઓને આવરી ઉદાહરણ સહિત ચર્ચા કરી હતી. આભાર દર્શન ડૉ. દિવ્યેશ ભટ્ટે કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સંયોજક રમેશભાઈ એમ. પટેલના માર્ગદર્શન હેઠળ પોગ્રામ ઓફીસર ડૉ. મોતીભાઈ દેવુએ કર્યુ હતુ.

**જાહેર નોટીસ**

અમો પરફેક્ટ એસોસિએટ્સ ઓથોરાઈઝ્ડ એજન્સી ઓફ એચ.ડી.એફ.સી. બેંક રી-ટેલ કલેક્શન. આથી જાહેર કરીએ છીએ કે અમારાથી આઈડી નં. ૨૧૦૩૧૦૬૯૬૨૦૦૦૪૩ ખોવાઈ ગયેલ છે.

આથી કસ્ટમરને માલૂમ થાય કે આ આઈડી કાર્ડ ઉપરના આઈકાર્ડને કોઈપણ જાતનું પેમેન્ટ ન કરવું. જો કરેલ હશે તો તેને માટે અમારી બેન્ક જવાબદાર રહેશે નહિ. જ્યા સુધી તેમનું ફરીથી નવું આઈકાર્ડ ઈસ્યુ ન થાય ત્યાં સુધી.

**સ્થળ : ગાંધીનગર** **તારીખ : ૨૩/૧૧/૨૦૨૧**

**PUBLIC NOTICE**

We, Perfect Associate, authorized agency of HDFC Bank Retail Collection hereby notify that we have lost the Identity card No. 210310696200043

Customers are hereby intimated not to make any payments against the said receipts sicnce they have been declared invalid for further shall notbe entertained.

**Place : Gandhinagar** **Date : 23/11/2021**

**ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ**

ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧, પ્રથમ માળ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
મો. નં. ૯૯૭૮૪ ૪૧૧૪૭-૪૮, ફેક્સ : ૦૭૯-૨૩૨૨૨૩૯૬
Email : gwilcompany1@gmail.com

**જાહેર નિવિદા નં.-૧૩/૨૦૨૧**

ગુજરાત સરકારનું AA ક્લાસ રજીસ્ટ્રેશન ધરાવતા અનુભવી ઠેકેદારશ્રીઓ પાસેથી ટુ બીડ પદ્ધતિથી ઢાકીથી નાવડા પ્રોજેક્ટ બલ્ક પાઈપલાઈનના નીચેના બે પેકેજના કામો માટે ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે.

| ક્રમ | ટેન્ડર આઈડી નં. | વિગતો | ટેન્ડર ફી રૂ. | ઈ.એમ.ડી. |
|---|---|---|---|---|
| ૧ | ૪૯૨૬૨૧ | Works of Design and Construction for Dhanki to Tokrala (Upto National Highway crossing) Bulk Pipeline 45 Kms including Construction of RCC U/G Sump, Pump house, SITC of Pumping Machinery and ancillary works At Dhanki Pumping station with 10 years Comprehensive Operation and Maintenance under Dhanki ro Navda Bulk Pipeline Project (Package No-1 NC 42) | ૫૦,૦૦૦.૦૦ | ૪,૪૭,૮૩,૦૦૦.૦૦ |
| ૨. | ૪૯૨૬૨૭ | Works of Design and Construction for Tokrala (From National Highway crossing) to Navda Bulk Pipeline 54 Kms including ancilllary works At Navda Pumping station with 10 years Comprehensive Operation and Maintenance under Dhanki ro Navda Bulk Pipeline Project (Package No-2 NC 43) | ૫૦,૦૦૦.૦૦ | ૪,૬૮,૭૯,૦૦૦.૦૦ |

- ટેન્ડર ડાઉન લોડીંગ શરૂ કરવાની તારીખ : ૨૦/૧૧/૨૦૨૧, ૧૮:૦૦ કલાક
- સાઈટ વીઝીટ - ૨૫/૧૧/૨૦૨૧ સવારે ૯.૦૦ કલાકે ઢાકી ખાતે
- પ્રી બીડ મીટીંગ - તા. ૨૯/૧૧/૨૦૨૧, ૧૨.૦૦ કલાક ચેંબર્ન-બોર્ડ રૂમ ખાતે
- ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ : ૧૫/૧૨/૨૦૨૧, ૧૮:૦૦ કલાક
- ડોક્યુમેન્ટ ફિઝીકલ સબમીશનની છેલ્લી તારીખ : ઓનલાઈન સબમીશન પૂર્ણ થયા પછીના બીજા ચાલુ કામકાજના દિવસો એટલે કે તા. ૧૬/૧૨/૨૦૨૧ ૧૫.૦૦ કલાક સુધી
- ટેન્ડર ઓપનીંગ : ૧૬/૧૨/૨૦૨૧ ૧૭:૦૦ કલાક
- રસ ધરાવતા ઠેકેદારોએ વધુ વિગત માટે http:///gwil.nprocure.com વેબસાઈટ વિઝીટ કરવી. આ કામોની વિગતો જેવી કે કામોની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટસ, એમેન્ડમેન્ટ કે કોઈપણ ફેરફાર ફક્ત વેબસાઈટ પર જ મુકવામાં આવશે.

માહિતી/૧૫૫૮/૨૧-૨૨